

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

હું સાદી ભાષામાં તમને કહું ? વરસાદ આવે છે,
અદ્દલ વરસાદ જેવો હૂબહૂ વરસાદ આવે છે.

બહુ ભારે છે પર્વત, ક્યાં સુધી ટકવાની આ ટચલી
સહારો છોડીને ચાલો સહુ, વરસાદ આવે છે.

ગગનવાળાની પાસે માંગુ છું એક વાદળું કે જે,
વરસતું હોય ને ગાતો રહું, 'વરસાદ આવે છે.'

સવારી વીજ પર, ઢોલીડા ગર્જન, બારાતી ફોરાં;
બનાવી લેવા અવનીને વહુ, વરસાદ આવે છે.

ન જાઓ, આમ છોડીને આ બાહુપાશની છત્રી!
બહાર આ હૂંફવર્તુળની, બહુ વરસાદ આવે છે!!

શોભિત દેસાઈ

### પાથેય

## હૂબહૂ વરસાદ..

વરસાદનું આવવું નવા સંચાર જેવું હોય છે.જગત આમ તો સતત ધબકતું હોય છે.એ ધબકાર માપવાના જુદા જુદા આયામો છે.ધરતી વ્યાકુળ બની અને વરસાદની પ્રતીક્ષા કરે છે ત્યારે આપણને કોઈક એવા ચમત્કારની આશા રહે છે કે સૂકાયેલી ધરાને નવું જીવન મળે.ઘણીવાર બહુ સહજ રીતે તો કેટલીક વાર લાંબી પ્રતીક્ષા હના અંતે ચોમાસું અવતરતું હોય છે.એ આવે છે ચોક્કસ.ચોમાસું ના હોત તો જગતમાં વૈભવ પણ ના હોત ! નાનકડું તરણું હોય કે,લીલીછમ ખેતરોની ચાદર એ સહુ વરસાદનાં વારસદાર છે. વરસાદનો કોઈ વિકલ્પ હોતો નથી. વરસાદ એટલે વરસાદ.આપણે કોઈને કહીએ કે આજે તો વરસાદ જામ્યો છે, ત્યારે એમાં ડુપ્લીકેટ કશું હોઈ શકે નહીં.વરસાદ એટલે હૂબહૂ વરસાદ જ હોય.!

કવિની આશાઓ જુદી જુદી રીતે વ્યક્ત થાય છે.ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉપાડવાની જે વાત છે એને અહીં એક નવા સંદર્ભ સાથે રજૂ કરવામાં આવે છે.પર્વતનો ભાર નાનકડી આંગળી કઈ રીતે ઊંચકી શકે ? દુનિયામાં પારાવાર મુસીબતો છે. એની સામે ટકવું એ નાનીસૂની વાત નથી.કવિ આપણને એનો સહારો છોડવાની હાકલ કરે છે.અને કહે છે કે ગોવર્ધનને છોડી નીકળી પડો વરસાદ આવે છે.વાદળોની રમઝટ ગજબ હોય છે.એમાં પણ ચોમાસાની ઋતુનો નજારો જ અજાયબ.એકાદ વાદળી એવી મળી જાય કે એના તાલની સાથે આપણે પણ ઝૂમી ઉઠીએ.વાદળ વરસતું હોય અને આપણે ગીત ગાતા રહીએ.

હમણાં જ સોશિયલ મીડિયા ઉપર વરસાદી માહોલનું સરસ? લખાણ જોયું..."તરસ્યા ટેરવાંને કોરી હથેળીઓનો વિરહ વરસાદમાં કેટલો વસમો લાગે? હથેળીઓનો ખાલીપો ટેરવે આવી ફૂટે ને આખ્ખુંય આયખું રણઝણી જાય રૂંવે રૂંવે. કાળજે કોરેલા કોરપના કાંઠા ને ઉપરથી આ અષાઢી વરસાદ. એકલપંડ આયખાની પીડા કોણ ઉલેચે? બહાર ગાજ્યું વાજ્યું ચોમાસું ને ભીતર કોરાં ગીત. કોણ ભીંજવે? ચોમાસું ચાર ગાઉ છેટું હોયને વિજોગી હૈયામાં યાદના વાદળ ખળભળાટ મચાવવા લાગે. આંખ્યુની પીડાને પોપચામાં ઝીલે પછી માથે કોરોધાકોર વરસાદ કેમ ઝીલાય? આંખમાં વસનાર ને આભથી વરસનાર બેય વાટુ જોવડાવે ત્યારે કોરાકટ જોબનને કેમ ધરપત થાય? ઘડી ઘડીનો આ વિયોગ વસમો થઈ પડે ને પછી અચાનક ચડી આવતા મેહની જેમ પોતાનો મનનો મેહુલો આવી ચડે ત્યારે ચિતને ચાનક ચડે.ઉર ઉર ઉછાળો મારે.અંગે અંગમાં લાગેલી દાહ હવે દેહને ઠારે. આયખાનો ઈંતેજાર ઓગળી જાય ને જાત સાથે જોડાઈ જીવી જવાતી ક્ષણ ત્યારે કેટલી પ્રગાઢ હોય! કેટલી પરિતૃપ્ત હોય.! પ્રેમનો ઓગળતો આસવ હોય ને ગળતી નીતરતી રાત, બહાર વરસાદ ને ભીતર હિલોળાતું પ્રેમનું પૂર."

# પપ્પા એટલે પથ્થરની ચટ્ટાન! ચટ્ટાન હલે તો એ હલે!



સ-રસ

મમતા બુચ

"નહીં માને એ. હું ઓળખું ને એમને!" પારૂલબેન નિરાશ વદને બોલ્યાં. "મમ્મી, બધી વાતમાં પપ્પા ના જ પાડે એ તો કેમ ચાલે?" અનીશાએ વિદ્રોહનો સૂર કાઢ્યો.

"સાચી વાત છે હોં મમ્મી! અનુને એને ગમે એ કરવાની આઝાદી હોવી જોઈએ." હેત પણ બહેનના પક્ષે હતો. "તો મારે શું કરવાનું? મને ગમતી પ્રવૃત્તિ મારે કરવાની જ નહીં?" અનીશા અકળાઈ.

હેત એની મદદે આવ્યો. "તો તું એમ કર, પપ્પાને એમ કહે કે મને ઈંગ્લિશ બહુ ફાવતું નથી ને એટલે હું એ શીખવા ક્લાસ જોઈન કરવા માંગુ છું." "હેં? એટલે ખોટું બોલવું પડશે?" અનીશા જરા મૂંઝાઈ.

"એ સિવાય કોઈ રસ્તો જ નથી ને, અનુ! પપ્પા એટલે પથ્થરની ચટ્ટાન! ચટ્ટાન હલે તો એ હલે! એ કોઈ દિવસ પીગળશે નહીં." હેતના સ્વરમાં નારાજગી હતી. "શું કહે છે, હેત? મારા માટે તું આવું વિચારે છે?"

અચાનક આવી પહોંચેલા નીલાક્ષભાઈએ ઊંચે અવાજે પૂછ્યું. ત્યાં હાજર બધાં આઘાં-પાછાં થઈ ગયાં. વાત પણ ખોટી નહોતી. નીલાક્ષભાઈ જરા કડક સ્વભાવના હતા. મોટા ભાગે છોકરાંઓને કંઈ પણ પૂછવું હોય તો પહેલાં પારૂલબેન પાસે થઈને જ એ વાત જતી.

પારૂલબેન મોકો જોઈને એ વાત નીલાક્ષભાઈને કરતાં. મોટા ભાગે નીલાક્ષભાઈનો સૂર નેગેટિવ રહેતો. જો પોઝિટિવ હોય તો તો પારુલબેન ખુશી- ખુશી છોકરાંઓને સમાચાર આપતાં પણ જો નીલાક્ષભાઈની ના હોય તો પછી

પારૂલબેન છાને ખૂણે બાળકોની ઈચ્છા પૂરી કરતાં. નીલાક્ષભાઈને ખબર ન પડી જાય એનું ધ્યાન ત્રણે ય જણાં રાખતાં. આ વખતે પણ એ જ "સીન" હતો.

અનીશાને ઈન્સ્ટ્રૂમેંટલ મ્યુઝિકના ક્લાસમાં ગિટાર શીખવા જવું હતું પણ નીલાક્ષભાઈ જેનું નામ! એમણે ઘસીને ના પાડી દીધી. એટલે અનીશાનું મોઢું પડી ગયું અને પછી મા-છોકરાં વચ્ચે ચર્ચા ચાલુ થઈ.

"અનીશા, નાની-મોટી વાતોમાં તો સમજ્યા પણ તું આ વખતે ત્રણ મહિના ગિટાર શીખવા જાય... તો..... એટલું બધું જૂઠું બોલવાનું?" પારૂલબેન થોડાં કન્ફ્યુઝ્ડ હતાં. "મમ્મી, તારે જૂઠું નથી બોલવાનું. જૂઠું તો હું ને અનુ બોલીશું. તારે તો ફક્ત અમારું જૂઠ છુપાવવાનું છે." હેતે સ્પષ્ટતા કરી.

પારૂલબેને આખરે સંમતિ આપી દીધી. અનીશા હેતને વળગીને ખુશીથી નાચી ઊઠી. ભાઈ હો તો એસા! અનીશાથી હેત બે જ વર્ષ નાનો હતો એટલે એ એની બધી માંગણીઓ સમજી પણ શકતો હતો અને એમાં સાથ પણ આપતો હતો. બીજા જ દિવસથી અનીશાના ક્લાસીસ ચાલુ થઈ ગયા.

એ સાંજે પાંચ વાગે જતી ત્યારે તો નીલાક્ષભાઈ ઓફિસે ગયા હોય પણ એ સાડા છ વાગે પાછી ફરે ત્યારે એ પાછા આવી ગયા હોય. રોજ-રોજ દિકરીને ચોક્કસ સમયે પાછી ફરતી જોઈ એ પારૂલબેનને પૂછતા પણ ખરા કે અનીશા ક્યાં જાય છે. પારૂલબેને એક વાર ધીમેથી કહ્યું કે એ તો ઈંગ્લિશ શીખવા જાય છે તે પછી એમણે બહુ માથું માર્યું નહીં.

ક્લાસીસ શરૂ થયાને થોડા દિવસ પછી અનીશાને લાગ્યું કે ઘરમાં ગિટાર હોય તો પ્રેક્ટિસ કરી શકાય. ક્લાસીસમાં દોઢ કલાક શીખ્યા પછી શું? છેક બીજે દિવસે પાછાં ક્લાસીસમાં જાવ ત્યાં સુધીમાં ઘણું ભૂલાઈ ગયું હોય.

એણે મમ્મી પાસે પ્રપોઝલ મૂકી, "મમ્મી, એક બહુ મોંઘી નહીં એવી ગિટાર મારે ઘરે પ્રેક્ટીસ કરવા લેવી છે." પારૂલબેન ભડકયાં, "એક તો તારા પપ્પાથી છુપાવીને તને જવા દઉં છું અને હવે ગિટાર લેવી છે? પૈસા કોણ આપશે?"

હેત બોલ્યો, "મમ્મી, પપ્પાને કહી દે કે અનુને બર્થ-ડે પર ગિફ્ટ આપવી છે. આમે ય એનો બર્થ-ડે આવે જ છે નજીકમાં." "ના, મારી હિંમત નથી થતી. આમે ય અનુ ગિટાર વગાડશે તો અવાજ નહીં આવે?"

પારૂલબેન ગભરાયાં. "તું કહી તો જો મમ્મી. હું પપ્પા ઘરે નહીં હોય ત્યારે વગાડી લઈશ." અનીશા બોલી. હેત બોલ્યો, "ના અનુ, એટલું બધું શું કામ ડરે છે? કહેવાનું કે ઘરે વગાડવા લીધી છે. એટલું તો પપ્પા સમજે ને!" રાત્રે નીલાક્ષભાઈ અને પારૂલબેન હીંચકે બેઠાં હતાં ત્યારે પારૂલબેને ધીમેકથી વાત કાઢી, "કહું છું, આ અનીશાનો જન્મદિવસ આવે છે તો આપણે એને કંઈક ગિફ્ટ તો આપવી જોઈએ ને! એક સાદી-સસ્તી ગિટાર લઈ આપવી છે? એ ખુશ થઈ જશે." નીલાક્ષભાઈને બહુ ગમ્યું તો નહીં પણ એ કંઈ બોલ્યા નહીં. બીજે જ દિવસે નવી ગિટાર ઘરમાં આવી ગઈ. અનીશા ઘરમાં એ વગાડતી હતી જ અને નીલાક્ષભાઈ અચાનક ઘરમાં પ્રવેશ્યા. ઘરનાં બધાં જ હાજર હતાં. અનીશા થોડી ડઘાઈ તો ગઈ પણ પછી બોલી, "પપ્પા, નવી ગિટાર!" નીલાક્ષભાઈ કંઈ બોલ્યા વગર પોતાના રૂમમાં જતા રહ્યા. હેતથી રહેવાયું નહીં. "પપ્પા એટલે પથ્થરની ચટ્ટાન! મોંઢા ઉપર સ્મિત પણ નથી આવતું!"

પછી તો અનીશાને દિવસે-દિવસે ઘરે આવવામાં મોડું થવા માંડ્યું. પારૂલબેન રોજ તો કેટલું છુપાવી શકે? અનીશાને એમણે છાને ખૂણે ટોકી પણ ખરી પણ એ બે દિવસ સમયસર આવી પછી પાછી મોડી આવવા માંડી.

એક દિવસ અનીશા મોડી આવી અને ઘરમાં પ્રવેશવા જતી હતી ત્યાં બારણામાં જ એણે નીલાક્ષભાઈને ચટ્ટાનની માફક ઊભેલા જોયા. "ક્યાંથી આવે છે?" એમણે ઊંચે અવાજે પૂછ્યું. "ગિટાર શીખવા ગઈ હતી."

અનીશા મક્કમ સ્વરે બોલી. "આટલે મોડે સુધી?" બાપનો સ્વર ઊંચો થયો. "ક્લાસીસ તો એક કલાક પહેલાં પૂરા થઈ ગયા. ભુવન સાથે બહાર ગઈ હતી." અનીશાના ચહેરા ઉપર વિદ્રોહની રેખાઓ અંકાઈ રહી હતી. "કોણ ભુવન?" જેટલો આંચકો નીલાક્ષભાઈને લાગ્યો હતો એટલો જ મા- દિકરાને પણ લાગી રહ્યો હતો. "અનીશા, સ્પષ્ટપણે બોલ."

નીલાક્ષભાઈનો અવાજ ઘરમાં પડઘાઈ રહ્યો. "હું સ્પષ્ટ કહેવા માગું જ છું. ભુવન મારી સાથે ક્લાસીસમાં કી-બોર્ડ શીખે છે. અમે બંને એકબીજાને પસંદ કરીએ છીએ અને લગ્ન કરવા માંગીએ છીએ." અનીશા એક શ્વાસે બોલી ગઈ.

ઘરમાં નિઃસ્તબ્ધતા પથરાઈ ગઈ. બે ક્ષણ પછી નીલાક્ષભાઈ ગરજ્યા, "તું શું બોલે છે એનું તને ભાન છે? તું જેની વાત કરે છે એને હું ઓળખું છું. એ ગામનો ઉતાર છે. એનું ખાનદાન પણ સારી છાપ ધરાવતું નથી. તારે એના ઘરમાં જઈને બેસવું હશે તો આ ઘરમાંથી બહાર નીકળી જવું પડશે." બોલીને એ ઘરમાંથી બહાર નીકળી ગયા. તે પછી ત્રણે ય મા-છોકરાં વચ્ચે ખાસ્સી ચર્ચા થઈ.

અનીશા ભુવનના રંગે પૂરેપૂરી રંગાઈ ગઈ હતી એ જોઈને પારૂલબેને હથિયાર હેઠાં મૂકી દીધાં. હેત પહેલાં તો જરા અચકાયો પણ પછી બહેનની ઈચ્છા જોઈને એણે પણ સંમતિ આપી દીધી.

નીલાક્ષભાઈ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. અનીશાએ બાપનું ઘર છોડીને ચૂપચાપ ભુવન સાથે સંસાર માંડી દીધો. નીલાક્ષભાઈએ કોઈ દિવસ એના વિષે પૂછ્યું પણ નહીં. ચારેક મહિના પછી એક દિવસ અચાનક અનીશા રડતી-રડતી પિયર આવી. એની પાછળ મવાલી જેવો લાગતો ભુવન પણ જોશભર પ્રવેશ્યો. અનીશા પારૂલબેનના ખોળામાં ઢગલો થઈ ગઈ. "મમ્મી, આ ભુવન તો સાવ ખરાબ નીકળ્યો. રાત્રે મોડો શરાબ પીને આવે છે, મને બહુ મારે છે, એનાં મા-બાપ પણ એનો જ પક્ષ લે છે." પારૂલબેનના ચહેરા ઉપર ગુસ્સો હતો. "તો શું જોઈને પરણી હતી? તને છાવરી- છાવરીને હું થાકી ગઈ છું." અનીશાએ આંસુથી છલોછલ આંખો હેત તરફ ફેરવી.

"મારી પાસેથી તો તું કંઈ આશા જ ન રાખતી, અનુ. હું તો એને ઓળખતો જ નહોતો. તને ભાન નહોતી પડતી આવા માણસની સાથે જિંદગી જોડતી વખતે?" હેતનો કરડો સ્વર હવામાં ફેંકાયો. નિઃસહાય બની ગયેલી અનીશાનો હાથ પકડીને એને ખેંચવા ભુવન આગળ વધ્યો ત્યારે નીલાક્ષભાઈનો મજબૂત હાથ એના હાથ ઉપર પડ્યો. "ખબરદાર ભુવન, જો મારી દિકરીને હાથ પણ અડાડ્યો છે તો. હજી એનો ચટ્ટાન જેવો બાપ બેઠો છે! હવે સીધો કોર્ટમાં મળજે ડિવોર્સ-પેપર ઉપર સાઈન કરવા!"

mtabuch150@gmail.com

# તમારી પાસે ખરેખર ઉત્તમ કહી શકાય એવા પુસ્તક છે ખરાં?



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

માની લો કે તમે એક પુસ્તક વાંચી રહ્યાં છો અને તમને એમાંથી માણસના જીવનને બદલી શકે એવો કોઈ એક વિચાર કે ફકરો મળી જાય છે તો તમારે એ પુસ્તક હંમેશા માટે સાચવી રાખવું જોઈએ. એ પ્રેરણાદાયી લીટીઓ નીચે પેનથી લીટી દોરી એને જ્યારે પણ મન થાય કે જરૂર ઊભી થાય ત્યારે ફરી વાંચી લેવી જોઈએ. કોઈ એક નાનકડો સંદેશ જે તમારામાં માનવતા જગાડી જાય, તમારામાં બીજા કોઈને મદદરૂપ થવાની ઈચ્છા જાગ્રત કરી જાય એ સંદેશ વારંવાર વાંચવો જોઈએ.

આ દુનિયામાં દરેક માણસ ઈચ્છે છે કે એને કોઈનો નિસ્વાર્થ પ્રેમ મળે. ઓછામાં ઓછી કોઈ એક વ્યક્તિ એનાં જીવનમાં એવી જરૂર હોય જે અણીના સમયે એને મદદ કરવા તૈયાર હોય. અહીં ખાટલે મોટી ખોડ એ કે એવી વ્યક્તિ દરેકને નથી મળતી. તમે ક્યારેય વિચાર કર્યો છે કે દુનિયામાં આટલા બધા લોકો જીવી રહ્યાં છે અને તોય જ્યારે તમારે જરૂર પડી ત્યારે તમારી મદદ કરવા કેમ કોઈ નહોતું આવ્યું? તમારે ભાગે હંમેશા દુઃખ અને વધારે સહન કરવાનું જ કેમ આવ્યું?

તમારે ભાગે એ પીડા એટલે આવી જેથી તમે એને લીધે થતું દર્દ સમજી શકો અને બીજા લોકોને એ પીડાથી બચાવી શકો. માની લો એક માણસ પરીક્ષા આપવા ગયો છે અને સાથે એક્સ્ટ્રા પેન લઈ જવાનું ભૂલી ગયો છે. છેલ્લે પચીસ માર્કસનો એક જવાબ લખવાનો બાકી છે અને પેન ખલાસ થઈ જાય છે.

એને જવાબ ખૂબ સરસ રીતે આવડે છે પણ એની પાસે બીજી પેન નથી. એ શક્ય એટલા બધા જ પ્રયાસ કરી લે છે પણ એને બીજી પેન નથી મળતી. એ પચીસ માર્કસ એણે જતા કરવા પડે છે. એનું પરિણામ ઓછું આવે છે અને એક સરસ નોકરીની તક એ ચૂકી જાય છે. હવે એ વ્યક્તિ જ્યારે પણ કોઈ બીજી એવી વ્યક્તિને જોશે જે પરીક્ષા આપી રહી હોય અને અધવચ્ચે એની પેન ખલાસ થઈ જાય ત્યારે?

અહીં એ વ્યક્તિ પાસે બે રસ્તા છે. પહેલાં રસ્તા મુજબ આગળ વધતા એ થોડીવાર રાજી થશે. વિચારશે કે જ્યારે મારી પેન ખલાસ થઈ ગઈ હતી ત્યારે કોઈએ મારી મદદ નહોતી કરી, હું પણ નહિ કરું. જે તકલીફ મેં વેઠી એ બીજા પણ છો વેઠે. એને ખબર છે કે એ ખોટું કરી રહ્યો છે અને એનાથી એને કોઈ ફરક નથી પડતો. બીજા રસ્તે એ વિચારશે કે ભલે મારી કોઈએ મદદ નહોતી કરી પણ હું એવું નહિ કરું. એ પેલાની પાસે જઈ એના હાથમાં પોતાની પેન આપી કહેશે ચિંતા ના કર દોસ્ત, તારી રીફિલ ખલાસ થઈ ગઈ તો તું આ પેનથી લખ મારી પાસે બીજી પેન છે. આ રસ્તે જતા એને જે ખુશી મળશે એ લાંબો સમય ટકી રહેશે. મનમાં સંતોષની, પ્રસન્નતાની લાગણી અનુભવાશે. હવે કયા રસ્તે જવું એ નક્કી કરવાનું કામ તમારું છે અને એ રસ્તો નક્કી કરવામાં તમારી મદદ કરે છે સુંદર પુસ્તકો!

વિક્ટર ઈ. ફ્રેંકલ નામના એક ન્યુરોલોજિસ્ટ અને મનોવિજ્ઞાનીએ આવું જ એક સુંદર પુસ્તક આપણને આપ્યું છે. પુસ્તકનું નામ છે, "મેન્સ સર્ચ ફોર મીનિંગર્ફે; જીવનના અર્થની શોધ. એમનું કહેવું છે કે માણસે ગમ્મે તેવી પરિસ્થિતિમાં જીવનનો અર્થ શોધી લેવો જોઈએ પછી બધું સરળ થઈ જાય છે. આ પુસ્તકમાં એમણે ૧૯૪૫નાં સમયે ઑસ્ટ્રિયા પર હિટલરે આક્રમણ કર્યું અને લોકોને બંદી બનાવ્યા હતા એ બંદીઓની યાતનાની વાત કહી છે. અહીં બંદીઓને એકસામટા ગેસ ચેમ્બરમાં પૂરી કાઢીને મારી નાંખવાની વાત નથી કહેવાઈ. મોટી મોટી સજા કે ખૂનામરકીની વાતો નથી. બલ્કે, પુસ્તકમાં પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ જીવન શા માટે ટકાવી રાખવું જોઈએ એની વાત કહી છે. કેદી રૂપે જીવાઈ રહેલા ભંગાર જીવનમાંથી જીવનનો અર્થ શોધવાની મથામણ દેખાડી છે.

આ એક એવું પુસ્તક છે જેમાંથી તમને તમારા જીવનનો અર્થ શોધવાની દિશા મળી રહેશે. અમુક પાના વાંચતા તમારામાની માનવતા જાગી જશે અને તમને એ અનુભવ ખરેખર ગમશે. આ પુસ્તક અમેરિકામાં ખૂબ લોકપ્રિય થયું ત્યારે ઘણા બધા લોકોએ વિક્ટર ભાઈને પૂછેલું કે જ્યારે હિટલરે આક્રમણ કર્યું ત્યારે તમે ત્યાંથી ભાગી કેમ નહોતા ગયા?

આ સવાલનો જવાબ આપતા ડૉક્ટર કહે છે કે એમની પાસે અમેરિકાના વિઝા આવી ગયા હતા. એ ઈચ્છે ત્યારે વિએના છોડીને જઈ શકતા હતા અને એમના માતાપિતા આ વાત જાણીને ખૂબ ખુશ થયેલાં. એમને એમ કે આપણો દીકરો બચી જશે, એક ઉમદા જિંદગી જીવી શકશે એનાથી વધારે ખુશીની વાત બીજી કઈ હોય શકે! આ જ વખતે વિક્ટરને થતું હતું કે એ પોતાના માતાપિતાને ભાગ્યના ભરોસે છોડીને કેમનો ચાલી જાય? એમણે આવિષ્કાર કરેલી લોગોથેરપીને લોકો સુધી પહોંચાડવા એમનું અમેરિકા ચાલ્યાં જવું બેસ્ટ હતું પણ મન નહોતું માની રહ્યું. એ પ્રયાસ કરી રહ્યા હતા કે ક્યાંકથી એમને કોઈ મદદ મળે અને એ સાચું વિચારી શકે.

એક દિવસ એમની નજર ટેબલ પર પડેલા એક ચમકીલા પથ્થરના ટુકડા પર પડી. એમણે પૂછ્યું કે આ પથ્થરનો ટુકડો અહીં કેમ મૂકી રાખ્યો છે ત્યારે એમના પિતાએ કહ્યું, આ ટુકડો એમને ત્યાંથી મળ્યો હતો જ્યાં રાષ્ટ્રીય સમાજવાદીઓએ વિએનાના સૌથી મોટા સીનેગોગ (યહૂદી ઉપાસના ગૃહ)ને સળગાવી માર્યું હતું. એ નાનકડો ટુકડો ત્યાંની એ ભીંતનો હિસ્સો હતો જેની પર દસ ધર્માદેશ કોતરેલા હતા. આ ટુકડા પર પણ હિબ્રુ ભાષામાં એક અક્ષર કોતરેલો હતો. એ અક્ષર જ્યાંથી છૂટો પડી ગયો એ વાક્ય હતું, "તમારા માતાપિતાનો આદર કરો જેથી એ લાંબા સમય સુધી જીવિત રહી શકે.

ડોકટરને સાચો નિર્ણય લેવામાં જે મદદ જોઈતી હતી એ સંગેમરમરના એ એક ટુકડા દ્વારા મળી ગઈ હતી અને એમણે નક્કી કરેલું કે એ અમેરિકાના વિઝા રદ કરાવી પોતાના માતાપિતા સાથે જ રહેશે. પછીથી એમને જેલમાં જવું પડેલું, કેટલીય યાતનાઓ વેઠવી પડેલી, બીજાની પીડાના સાક્ષી બનવું પડેલું, પોતે આવિષ્કાર કરેલી લોગોથેરેપીનો લાભ એમણે ત્યાંના કેદીઓને આપેલો અને કેદમાંથી જીવતા બહાર આવ્યા બાદ આ પુસ્તક લખેલું જે આજે પણ કેટલાય ને મદદરૂપ થઈ રહ્યું છે.

એમણે પહેલીવાર પુસ્તક લખ્યું ત્યારે વિચારેલું કે આ પુસ્તક બીજાને જીવનનો અર્થ શોધવાની પ્રેરણા આપવા માટે જ લખાયું છે એટલે એમાં ક્યાંય એમણે પોતાનું નામ નહોતું લખ્યું...મિત્રોના આગ્રહને માન આપી છેલ્લે ખાલી શરૂઆતના એક પાને લેખકના નામનો ઉલ્લેખ થયો હતો અને પછી આ જ પુસ્તક બેસ્ટ સેલર બનેલું...લેખકની એક સલાહ એ પણ છે કે સફળ થવા માટે કામ ના કરો, કામ કરો સફળતા આપોઆપ આવી મળશે!

**અમસ્તું,**

તકલીફ અને પીડા ભોગવ્યા બાદ જીવાતી જિંદગી બીજા કેટલાયને માટે જીવનનો નવો રાહ ચિંધનારી બની શકે છે.

@Niyati Kapadia

# બડા હુઆ તો કયા હુઆ જૈસે પેડ ખજૂર, પંથી કો છાયા નહીં પેડ લગે અતિ દૂર



લાગણીનો મેળો

રસિક વાળંદ

બડા હુઆ તો કયા હુઆ જૈસે પેડ ખજૂર,
પંથી કો છાયા નહીં પેડ લગે અતિ દૂર.
બડે બડાઈ ના કરે , બડે ન બોલે બોલ,
હીરા મુખ સે ના કહે , લાખ હમારા મોલ.

પેટ્રોલ પંપ પર થોડી ભીડ જામી હતી. એક આધેડ વયના સદગૃહસ્થએ પેટ્રોલ તો પુરાવી દીધું પ..ણ..ગજવામાં પાકીટ હતું જ નહીં.. ઉતાવળમાં ઘરે ભૂલી ગયેલા...પેટ્રોલ પંપ પર નજર નાખી પણ કોઈ પરિચિત જણાયું નહિં... ત્યાં જ પેટ્રોલ ભરનાર યુવાને કહી દીધું , કંઈ વાંધો નહિ...પછી આપી જજો...વડીલે યુવાનનો આભાર માન્યો... !!

આ બનાવ નજરે નિહાર્યા પછી કવિશ્રી ઉમાશંકર જોશીની પેલી પંક્તિઓ યાદ આવી ગઈ...

" મોટાઓની અલ્પતા જોઈ થાક્યો ,
નાનાની મોટાઈ જોઈ જીવું છું."

ઘણીવાર કુદરત દ્વિધામાં મૂકી દે છે ,ક્યારેક માણસ માણસ સાથે નો કોઈ ખરાબ અનુભવ થાય તો તરત જ આપણને માણસ પરથી વિશ્વાસ ઉઠી જાય છે અને કોઈ સારો અનુભવ થાય તો માણસમાં માણસાઈ છે એમ વિચારતા થઈ જવાય છે.ઘણીવાર કહેવાતા મોટા લોકો સાવ છીછરા નીકળે છે અને ક્યારેક સાવ નાનો માણસ ગુણોથી સંપન્ન એક ઉમદા માનવી હોય એવું પણ બને છે.

મોટે ભાગે તો પદ,પૈસો,પ્રતિષ્ઠા અને પાવર ના અહમથી પરિવેષ્ટિત મોટાપણું જ પોંખાતું જોવા મળે છે. સમાજ આવા લોકોને જ માન - પાન આપતો હોય છે.આવા મદમાતા લોકોનું કદ દેખીતી રીતે મોટું હોય પણ વાસ્તવમાં માણસાઈની દૃષ્ટિએ કદ ઘટેલું જ હોય છે.

મોટાપણું તો અણીશુદ્ધ માનવતાનું દ્યોત્તક બની રહે તો ખરું...મોટાપણું આદરણીય હોય...અનાયાસે એની સામે ઝૂકી જવાય..!

આજે સમાજમાં અને દેશ - દુનિયામાં બની બેઠેલા કહેવાતા - મોટાઓ જઘન્ય અપરાધ કરતાં અચકાતા નથી .હજારો - લાખોની આરાધના પામનારા સાધુ - મહાત્માઓની લઘુતા, દંભ ,પામરતા જોઈ ભ્રમ ભાંગી જાય છે..

જગત પરથી વિશ્વાસ ઊઠી જાય છે. આજે કોને આદર્શ માનવા એ એક સવાલ છે... પરંતુ જ્યારે વ્યવહાર જગતમાં આવા સુખદ અનુભવ થાય ત્યારે હૈયે એક નવતર આશ જીવવાની આશ જગાવી જાય છે. એટલે આપણા વિશ્વ કવિ કહે છે..." નાનાની મોટાઈ જોઈ જીવું છું." રોજબરોજના જીવનમાં પોતાનો રોટલો પ્રામાણિકતાથી રળી ખાનાર અનેક લોકોમાં એવી માનવતા જોવા મળે કે જીવ રાજી થઈ જાય...!! મોટા મહંત કે ધનકુબેરના અન્નકૂટમાંથી ગરીબ ગુરબાંને ટુકડો પણ ન મળે એવું બને , પણ ક્યારેક ગરીબજન જમવા બેઠો હોય અને બાજુમાં કૂતરું પણ આવી જાય તો કૂતરાને એનો ભાગ અવશ્ય મળવાનો...પાછું આ બધું સાવ સહજ..એના મનમાં મોટાઈ દેખાડવાનો કોઈ અભરખો પણ ન દેખાય ..એટલું...સહજ... સ્વાભાવિક..અનાયાસે થઈ જાય...સત્કાર્ય તો શ્વાસ લેવા જેવું સહજ સ્વાભાવિક હોય...!!

દોસ્તો, એકવાર રામકૃષ્ણ પરમહંસ પાસે બે જણ વિવાદ કરતા આવ્યા, એમણે રામકૃષ્ણને પૂછ્યું,

અમારા બે માં મોટું કોણ ? રામકૃષ્ણ બોલ્યા, 'મોટો એ છે જે બીજાને મોટો સમજે.' પછી પણ વિવાદ ચાલું રહ્યો, પણ જરા જુદી રીતે. બન્ને એકબીજાને કહેવા લાગ્યા , 'તું મોટો - તું મોટો.'

મિત્રો, જાતને મોટી ગણીએ કે બીજાને મોટો ગણીએ...એનો શો અર્થ ?! સાચા અર્થમાં મોટાઈ તો એ કહેવાય જે દરેક સાથે સહજતાથી ભળી જાય..સૌને પોતીકા લાગે... વ્યક્તિત્વનો કશો ભાર ન હોય એ જ ખરુ મોટાપણું...!! બધા બાહ્ય ઝભ્ભા ઉતારીને જીવવાની મજા જ કંઈ ઔર છે.

નાના હતા ત્યારે કવિશ્રી પ્રેમશંકર નરભેરામ ભટ્ટનું કાવ્ય " તું નાનો હું મોટો " ભણેલા પણ સમજાયું નહોતું...હવે આ રૂપકડું કાવ્ય જરા જરા ઉકેલતા થયા છીએ...તમે પણ એને માણો...

" તું નાનો હું મોટો ! એવો ખ્યાલ જગતનો ખોટો.
આ નાનો, આ મોટો, એવો મૂરખ કરતાં ગોટો.
ખરા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો,
તરસ્યાને તો દરિયાથીયે , લોટો લાગે મોટો.
નાના છોડે મહેંકી ઊઠે, કેવો ગુલાબ - ગોટો !
ઊંચા ઊંચા ઝાડે તમને , જડશે એનો જોટો?
મન નાનું તે નાના , જેનું મન મોટું તે મોટા.
પાપીને ઘેર પ્રભુ જનમિયા, બડો બાપ કે બેટો? "

**સ્પર્શમણિ**

તકલીફ બંને છેડે સરખી જ છે , માણસને ઈશ્વર નથી મળતો ને ઈશ્વરને માણસ...!

મોટાઈ નહીં સાહેબ , બની શકે તો માણસાઈ દેખાડો..!!

rarikvaland1965@gmail.com
9913426949